**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 50240/2021**

**order below <u>Exh.1</u>**

(૧) આ કામના આરોપી ઉપર ઇ.પી.કો. કલમઃ૧૮૮, The Disaster Management Act ,2005 ની કલમઃ૫૧–બી, એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ અને જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુન્હા સબબનું ચાર્જશીટ પોલીસ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે. ક્રિમી.પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમઃ ૧૯૫ તળે ઇ.પી.કો. કલમઃ ૧૮૮ ના ગુન્હાનું સંજ્ઞાન ( Cognizence ) અદાલત કઇ રીતે અને કયારે લઇ શકે ? તેની જોગવાઇ કરવામા આવેલ છે જે નીચે પ્રમાણે છેઃ–

Section :195 Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidence.
(1) No Court shall take cognizance
( a ) ( i ) of any offence punishable under sections 172 to 188 ( both inclusive ) of the Indian Penal Code , (45 of 1860), or
( ii ) of any abetment of , or attempt to commit , such offence , or
( iii ) of any criminal conspiracy to commit such offence, except on the complaint in writing of the public servant concerned or of someother public servant to whom he is administratively subordinate ;
XXXXX ...

(૨) સબબ ઉપરોકત જોગવાઇ વંચાણે લેતા, જે રાજકીય સેવકના લેખીત હુકમ, પરીપત્ર, જાહેરનામાંનો ઇરાદાપુર્વક ભંગ થયેલ હોય તે રાજય સેવક દ્વારા જાતે અગર તેના વહીવટી તાબાના કોઇ અધિકારી દ્વારા જયાં સુધી કોર્ટની અંદર ઇ.પી.કો. કલમઃ ૧૮૮ તળેની ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી અદાલત ઇ.પી.કો. કલમઃ૧૮૮ ના ગુન્હાનું સંજ્ઞાન ( Cognizence ) લઇ શકશે નહિ.

(૩) વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પોતાના ચુકાદા– 2017(0)- AIJEL - HC - 237413: Govardhankumar Thakoredas Vs State of Gujarat ( Supra ) ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલ છે કે ,"જો આરોપી વીરુધ્ધ ક્રિ.પો.કોડ ની કલમઃ ૧૯૫ નો બાધ નડે છે તેવી કલમોના ચાર્જશીટ રજુ થયેલ હોય ત્યારે તેમાં કોગ્નીઝન્સ લેવાની નીચલી અદાલતને સત્તા નથી."

(૪) વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પોતાના ચુકાદા– AIR -2012- SC -1747 : Bhushan kumar VS . State ( NCT Of Delhi ) Anr . મા પ્રસ્થાપીત કરેલ છે કે –"પોલીસ રીપોર્ટ ઉપરથી શરૂ કરવામાં આવેલ કેસોમાં એક વખત મેજીસ્ટ્રેટ દ્વારા સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે ત્યારે તે સ્ટેજ ઉપર મેજીસ્ટ્રેટ દ્વારા તે ચાર્જશીટનું કોગ્નીઝન્સ લીધેલ છે તેવું માની શકાય."

(૫) પ્રસ્તુત ચાર્જશીટ રજુ થયા બાદ આ અદાલત દ્વારા આરોપી વિરૂધ્ધ કોઇ સમન્સ કાઢવાનો આદેશ કરેલ નથી અને સદરહુ ચાર્જશીટ માત્ર ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો અને સંજ્ઞાન લેવા માટે રાખેલ, સદરહુ કેસની હકીકત વંચાણે લેતા પોલીસ એજન્સી દ્વારા, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાંના ભંગ બદલ હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે અને આ કામના ફરીયાદી, પોલીસ અધિકારી છે અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કે તેના કોઇ વહીવટી તાબાના અધિકારી દ્વારા નામદાર કોર્ટ રૂબરૂ કોઇ ફરીયાદ દાખલ કરેલ નથી તે બાબત સ્પષ્ટ સાબીત થાય છે . ત્યારે આ કામે કરવામાં આવેલ ઇ.પી.કો. કલમઃ ૧૮૮ ની ફરીયાદ કે જે The Disaster Management Act , 2005 ની કલમઃ૫૧–બી અને એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ મુજબના ગુન્હો બનવાના કારણે ઉત્પન્ન થયેલ જેને ક્રિમી.પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમઃ ૧૯૫નો સ્પષ્ટપણ બાધ નડે છે તેવુ મારૂ માનવું છે .

(૬) વિશેષમાં Govardhankumar Thakoredas Vs State of Gujarat ( Supra ) ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે – જયારે આરોપી ઉપર ક્રિ.પો.કોડની કલમઃ ૧૯૫ નો બાધ નડતો હોય તેવા ગુન્હા સાથે અન્ય બાધ નડતો ન હોય તેવા ગુન્હાનો આક્ષેપ પણ મુકવામાં આવેલ હોય અને ત્યારે જો બંને ગુન્હાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય અને બંનેને જયારે જુદા પાડી શકાય તેમ ન હોય ત્યારે આવા પ્રકારના તમામ ગુન્હાઓનું કોગ્નીઝન્સ નીચલી અદાલત લઈ શકે નહિ અને Govardhankumar Thakoredas Vs State of Gujarat ( Supra ) ચુકાદાનો સીંધ્ધાત ધ્યાને લેતા આ અદાલતને આ કેસમાં ગુન્હાનું સંજ્ઞાન લેવાની સત્તા પ્રાપ્ત થતી નથી તેવુ મારૂ માનવુ છે.

(૭) વધુમાં પોલીસ એજન્સી દ્ધારા આ કામે, The Disaster Management Act ,2005 ની કલમઃ૫૧–બી મુજબનું પણ ચાર્જશીટ રજુ કરેલ છે . સદર કાયદાની અંદર પણ ગુન્હાનું સંજ્ઞાન લેવાની જોગવાઈ આ કાયદાની કલમઃ૬૦ માં કરવામા આવેલ છે. જે નીચે પ્રમાણ છેઃ–

Section :60 Cognizance of offences .— No court shall take cognizance of an offence under this Act except on a complaint made by —

( a ) the National Authority , the State Authority , the Central Government , the State Government , the District Authority or any other authority or officer authorised in this behalf by that Authority or Government , as the case may be ;

અને એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ નીચે મુજબ છે.

Any person disobeying any regulation or order made under this act shall be deemed to have committed an offence punishable under section 188 of Indian Penal Code.(45 of 1860)

વધુમાં નામદાર બોમ્બે હાઈકોર્ટનો નાગપુર બેન્ચનો ચુકાદો ક્રિમીનલ મિસી.એપ્લી.૪૫૩/૨૦૨૦, તા.૨૧/૦૯/૨૦૨૦નો વંચાણે લેતાં પણ ઈ.પી.કો. કલમ ૧૮૮ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની કલમ ૫૧ના આક્ષેપ હોય ત્યારે કલમ ૬૦નો બાધ નડે કારણ કે અત્રેની અદાલતમાં કોઈ ફરીયાદ થયેલ નથી.

(૮) સબબ ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા તેમા પણ ક્રિમી.પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમઃ ૧૯૫ માં કરેલ છે તે પ્રકારની જ જોગવાઈ કરવામા આવેલ છે અને પ્રસ્તુત કેસમાં પોલીસ એજન્સી દ્ધારા પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે અને નામદાર કોર્ટમાં કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી. જેથી હાલની ફરીયાદને, The Disaster Management Act, 2005 ની કલમ–૬૦નો પણ સ્પષ્ટપણે બાધ નડે છે તેવુ મારૂ માનવું છે.

(૯) હવે આરોપી સામે આક્ષેપિત જી.પી. એકટ ૧૩૫ સંદર્ભે જોવામાં આવે તો આ કામે ગુજરાત પોલીસ એકટ અસ્તિત્વમાં આવેલ તે પહેલા બોમ્બે પોલિસ એકટ અમલમાં હતો હવે આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ–૬૨ વંચાણે લેતા કોઈ વ્યકિત તે વિસ્તાર છોડી જાય નહી અથવા તેને હાંકી મુકયા પછી પ્રવેશ કરે તે પ્રસંગે કામ કરવાની જોગવાઈ વંચાણે લેતાં પોલિસ વગર વોરંટે તે વ્યકિતની ધરપકડ કરી શકે તે જ રીતે કલમ–૭૨ મુજબ પોલીસને તેમાં જણાવેલ પ્રસંગે વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા રહેલ છે અને કલમ–૭૯ મુજબ તેમની હાજરીમાં કલમ–૩૯ કે ૪૦ કે ૧૧૭ કે ૧૩૧ ના પેટે ખંડ(૧)(૪) કે ૧૩૫ ના ખંડ(૧) મુજબનો ગુનો બનતો હોય ત્યારે તે અટકાવવાના ભાગરૂપે ધરપકડ કરી શકે. હવે ગુજરાત પોલિસ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં ઉપરોકત ગુનાઓ કોગ્નીઝેબલ છે કે નોનબેઈલલ છે તે મતલબની ઉપરોકત કિસ્સાઓમાં ધરપકડ કરાવેલ વ્યકિત અંગેના ટ્રાયલ અંગે કોઈ જોગવાઈ ગુજરાત પોલિસ એકટમાં કરેલ નથી. વધુમાં આ કામે ગુજરાત પોલિસ એકટની કલમ–૯૦–(ક) કે જયારે કોઈ ઢોરને રસ્તામાં ભટકવા દે કે ખાનગી કે સાર્વજનિક મિલકતમાં તેને અપ્રવેશ કરાવે તે અંગેના ગુનાની શિક્ષાની જોગવાઈ જોતાં તે પોલિસ

અધિકારનો ગુનો છે.તેજ રીતે કલમ-૧૧૮ ઢોર વગેરેને પુરી ન રાખે તે અંગેની જોગવાઇ રહેલ છે જે કલમ-(૧-ગ)મુજબ તે પણ પોલિસ અધિકારનો ગુનો ગણાશે. જયારે કલમ-૧૪૩(ખ) ભયજનક પ્રયોગ કરવા અંગે છે તે પણ પોલિસ અધિકારનો ગુનો છે. આમ ઉપરોકત ત્રણ ગુનાઓ કોગ્નીઝેબલ એટલે કે પોલિસ અધિકારના છે જયારે બાકીના ગુનાઓ અંગે કોઇ સ્પષ્ટતા નથી.

(૧૦) આમ જયારે હવે ગુજરાત પોલિસ એકટમાં હવે કોઇ જોગવાઇ ન હોય ત્યારે ક્રિ.પો.કોડની કલમ-૪ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓ લાગુ પડે. હવે જયારે ક્રિ.પો.કોડની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યારે આ ગુનો બેલલેબલ છે કે નોન બેઇલેબલ છે? અગર તો કોગ્નીઝેબલ છે કે નોન કોગ્નીઝેબલ છે તે અંગે બે પરિશિષ્ઠ આપેલ છે જેમાં પ્રથમ પરિશિષ્ઠ તે આઇપીસીના લગતા ગુનાઓ અંગે છે જયારે પરિશિષ્ઠ બે (૨) તે અન્ય કાયદાઓને લગતી કોઇ સ્પેશીફીક જોગવાઇ ન હોય ત્યારે તે લાગુ પડે. હવે આ કામે પુનરાવર્તનના દોષ સાથે જણાવવાનુ કે ઉપરોકત ગુના અંગે કોઇ ગુજરાત પોલિસ એકટમાં જોગવાઇ નથી ત્યારે ક્રિ.પો.કોડની જોગવાઇઓ લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ -૨ હાલના કેસમાં લાગુ પડે ત્યારે પરિશિષ્ઠ -૨ ની આઇટમ નં. ૩ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

| ગુનો | પોલિસ અધિકારનો કે પોલિસ અધિકાર બહારનો | જામીની કે બિન જામીની | **કઇ કોર્ટથી ઇન્સાફી કાર્યવાહી કરી શકાય.** |
|---|---|---|---|
| ૩ વર્ષથી મુદ્દતની કેદની, અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોયતો | પોલિસ અધિકાર બહારનો | જામીની | કોઇપણ મેજિસ્ટ્રેટ |

(૧૧) આમ હવે , ઉપરોકત ગુનો છે તે ગુજરાત પોલિસ એકટની કલમ-૧૩૫(૧)નો છે જે ગુનાની સજાની જોગવાઇ મુજબ ૧ વર્ષ સુધીની રહેલ છે તે બરાબર છે. પરંતુ ઉપરોકત ગુનો હવે શીડયુલ ૨ વંચાણે લેતાં, જામીન છે તેમજ પોલિસ અધિકાર બહારનો(નોન કોગ્નીઝેબલ) છે હવે આ કામે પોલિસને સંજોગ મુજબ અટક કરવાની સત્તા હોઇ તેથી કરીને તે ગુનો કોગ્નીઝેબલ બની જાય નહી તેમ હું માનુ છું.ત્યારે હવે ફરીવાર ક્રિ.પો.કોડની કલમ-૧૫૫(૨) આ કેસમાં લાગુ પડે. હવે ક્રિ.પો.કોડની કલમ-૧૫૫(૨) મુજબ નોન કોગ્નીઝેબલ ગુનાઓમાં પોલિસ અદાલતની પુર્વ પરવાનગી વગર તપાસ કરી શકે નહી. હવે મારી સમક્ષના હાથ પરના કેસમાં આ કામે પોલિસે તપાસ કરવા માટે પરવાનગી માંગેલ હોય અને તે પરવાનગી મળ્યા બાદ તપાસ કરીને ત્યારબાદ ચાર્જશીટ કરેલાનું રેકર્ડ પર નથી ત્યારે પોલિસ દ્વારા કરવામાં આવેલ સમગ્ર કાર્યવાહી મુળથી જ વ્યર્થ ગણાય એટલે કે ab intio void ગણાય. વધુમાં ૧૯૯૯ સીઆરએલજે પેજન.૧૨૪૪ (નામ.ગુજરાત હાઇકોર્ટ) રામજી ભીખા કોળી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે લેખિત ફરિયાદ હોવી જોઇએ જો ન હોયતો ક્રિ.પો.કોડની કલમ-૧૯૫ નો બાધ્ નડે જે કેસમાં ફરિયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવુ ઠરાવેલ છે. આમ હવે, સદર કેસમાં પોલિસે જે અદાલતની પરવાનગી મેળવ્યા સિવાય નોન કોગ્નીઝેબલ ગુનામાં ચાર્જશીટ કરેલ છે તે ગુનામાં આ અદાલત કોગ્નીઝન્સ લઇ તે આધારે આરોપી સામે તે ચાર્જશીટ આધારે આરોપી સામે કાર્યવાહી કરી

શકાય નહી. સબબ ઉપરોકત સમ્રગ ચર્ચા ધ્યાનમાં રાખીને, આંકઃ ૧ તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

//હુકમ//

આ કેસની કાર્યવાહીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ અને The Disaster Management Act ,2005 ની કલમ–૬૦ નો બાધ નડતો હોય સબબ આ કેસની કાર્યવાહી પડતી મુકવાનો આદેશ કરવામા આવે છે. આ તબક્કે સ્પષ્ટતા કરવામાં આવે છે કે કાયદા મુજબ પોલિસ અલગથી કાર્યવાહી થવા પાત્ર હોય તો તે કરી શકશે. આ કામે મુદ્દામાલ પોલિસ કાયદા મુજબ પ્રક્રિયા કરી મેળવી/નાશ થવાનો કે કાયમી હુકમ અદાલતની પરવાનગી મેળવી કરી શકશે.

હુકમ આજરોજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date .10/07/2021**

**Place :SPECIAL SITTING, AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**